KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous issue-16 | August – September 2016

# વૈદિક સાહિત્યમાં શિવતત્વનું ચિન્તન

ભગવાન શિવ શુદ્ધ વૈદિક માનવામાં આવે છે. વેદો તેમજ અન્ય સાહિત્યમાં શિવનો रूद्र તેમજ બીજા સ્વરૂપે ઉલ્લેખ થયેલો જોવા મળે છે. આ દેવતા અત્યાધિક શક્તિશાળી અને ભયાનક રૂપમાં બતાવવામાં આવ્યા છે.તેથી વૈદિક દેવતાઓમાં તેમને ઉચ્ચ પ્રતિષ્ઠા મળેલી છે. ઋગ્વેદમાં त्र्यम्बकं यजामहे જેવી ઘણી બધી ઋચાઓ છે જે સ્પષ્ટપણે શિવનું પ્રતિપાદન કરે છે. તેમજ યજુર્વેદની રૂદ્રાષ્ટાધ્યાયી શિવનું સમ્પૂર્ણ વર્ણન જોવા મળે છે. આ ઉપરાંત વૈદિક ઋચાઓમાં ભગવાન શિવનું તત્વદર્શન ગર્ભિત છે. જે અનન્ય સાધારણ તથા અનિર્વચનીય છે.

रूद्र શબ્દની વ્યુત્પત્તિ જોઇએ તો સંસ્કૃતની रू અથવા રદ્ ધાતુથી બને છે. જેનો અર્થ શબ્દ કરનાર અથવા રોવડાવનાર થાય છે. रोदयति इति रूद्रः તે અનુસાર વેદમાં શિવની रूद्र દેવ તરીકે સ્તુતિ કરવામાં આવી છે. તેમજ પંચમહાભૂત તત્વો જે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ જે વેદમાં અગ્નિ મરૂત વગેરે દેવતા તરીકે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તે અગ્નિ દેવ કે જે ત્રણે લોકમાં શત્રુઓનો સંહાર કરવાવાળા મહાન रूद्र દેવ છો. त्वमंग्ने रूद्रो असुरो महो दिवस्त्वं शर्धो मारूतं पृक्ष ईशिये (ऋ २/१/६)[१] જે દ્યુલોકમાં સૂર્યદેવ છો. મરુતોના સમૂહરૂપ વાયુ તથા હવિ રૂપ અન્નના સ્વામી બતાવ્યા છે.

વેદોમાં શિવને બે સ્વરૂપોમાં વર્ણવેલા જોવા મળે છે. (૧) સૌમ્ય સ્વરૂપ અને (૨) રૌદ્ર સ્વરૂપ, તેમના સૌમ્ય સ્વરૂપનું વર્ણન જોઇએ તો તે માનવ સ્વરૂપે જોવા મળે છે. તેમનું શરીર અત્યંત બલિષ્ઠ છે. તે હાથવાળો છે.

क्व१स्य ते रूद्र मृळयाकुर्हस्तो ।[२] (ऋ २/३३/७)

હે रूद्र દેવ તમારો સુખકર હાથ ક્યાં છે જે બધાને આપનારો છે. તેમનો રંગ ભૂરો છે. તેમના હોઠ અત્યંત સુંદર છે अस्यै बभ्रुः सुशिप्रो रीरधन्मनायै ।[3](ऋ-२/३३/५) તથા આકૃતિ દેદીપ્યમાન છે તેમજ જુદા જુદા સ્વરૂપને ધારણ કરવાવાળા છે. તેમના સ્થિર અંગો ચમકતા સોનાના આભૂષણોથી શણગારેલા છે.

स्थिरे भिरङगे पुरूरूप उग्रो बभ्रुः शुक्रेभिः पिपिशे हिरण्यैः।[४] (ऋ-२:३३:९) તેમના માથા પર વાળની જટાજુંડ છે. જેના કારણે તે कपर्दि કહેવાય છે. इमा रूद्राय तवसे कपर्दिने ।[५] (ऋ-२/११४/१)

તેમજ યજુર્વેદના રુદ્રાધ્યાય તેમજ અથર્વવેદના रूद्रसूक्तમાં તેમના સ્વરૂપનું વર્ણન આનાથી વધારે વિશદ જોવા મળે છે. જે આપણે તેમને નિલકંઠ તરીકે ઓળખીયે છીએ. જેમની ડોકનો રંગ કાળો છે તેમજ તેમનો કંઠ સફેદ રંગનો છે.

नमो नीलग्रीवाय च शितिकण्ठाय च नमः ।[६] (यजुर्वेद -१६/२८)

તેમને માથા પર જટાજૂંડવાળા કહ્યા છે તો સાથે સાથે તેમને મુંડિત કેશવાળા પણ બતાવ્યા છે.

नमः कपर्दिन च व्युप्तकेशाय च नमः ।[७] (यजुर्वेद -१६/२९)

તેમજ અથર્વવેદમાં તેમના મુખ, ચક્ષુ, ત્વચા, પેટ, જીભ, દાંત તથા અન્ય અંગોનો ઉલ્લેખ થયેલો છે.

मुखाय ते पशुपते यानि चक्षूंषि ते भव ।

अङ्गेभ्यस्त उदराय जिह्वाया आस्याय ते ।[८] (अथर्ववेद -११/२/५-६)

રુદ્રાધ્યાયમાં જે આપણી સમક્ષ એક મહાન યોદ્ધાના રૂપમાં આવે છે. જેમના હાથમાં ધનુષ અને બાણ છે. જે ધનુષ પિનાક નામનું છે.

वसानऽआ चर पिनाकं बिभ्रदा गहि ।[९] (यजुर्वेद -१६/५१)

આપ ધનુષને ધારણ કરીને અહીં આવો, તેથી તેમને આપણે પિનાકપાણિ તરીકે ઓળખીએ છીએ.

બીજુ સ્વરૂપ તે રૌદ્ર, ઋગ્વેદમાં 'रूद्र' (ભય ઉપજાવનાર) દેવ તરીકે સ્તુતિ કરવામાં આવી છે. रूत दुखं द्रावयती इति रूद्रः । જે દુઃખને કાપી નાખે છે તે રૂદ્ર, જે પાપી માણસોને દુઃખ આપીને રડાવે છે તે રૂદ્ર, શિવનું અસુર વિનાયક રૌદ્ર રૂપ, સૂર્યમાં પ્રચંડ રૂપ, અગ્નિના વિકરાળ રૂપ આ બધાને રૂદ્ર કહેવામાં આવે છે. अग्निरपि रूद्रउच्चते (निरुक्त-10-17) તેમને વરાહ જેવા અત્યંત ક્રુર પણ બતાવ્યા છે. તે સ્વર્ગ લોકના રક્તવર્ણ વરાહ છે.

दि॒वो व॑रा॒हम॑रू॒षं क॑प॒र्दिनं॑[१०] (ऋग्वेद - १/११४/५)

ઋગ્વેદમાં વર્ણવાયેલા રૂદ્ર દેવતા તે યજુર્વેદમાં શિવ તરીકે ઉપસ્થિત થાય છે. કારણ કે તેમાં અનેકવાર રૂદ્રને માટે 'શિવ' વિશેષણ વાપરવામાં આવ્યું છે. તેમની આજ્ઞાનું પાલન ન કરવાવાળા મનુષ્યને તેમના બાણો વડે છિન્નભિન્ન કરે છે. પરંતુ તેમની ઉપાસના કરવાવાળા માટે મંગલકારી છે. માટે તેમને શિવના નામથી બોલાવવામાં આવે છે. તેવું તેમનું કલ્યાણકારી સ્વરૂપ યજુર્વેદના આ મંત્રમાં જોવા મળે છે.

नमः शम्भवाय च मयोभवाय च नमः शंकराय च नमः शिवाय च शिवतराय च ।[११] (यजुर्वेद -१६/४१)

દિવ્ય આનંદ આપનારા, સંસાર સુખ આપનાર, મોક્ષરૂપ લૌકિક સુખદાતા, કલ્યાણકારી ભક્તનું હંમેશા મંગલ કરનાર એવા શિવને અમારા નમસ્કાર. તેમજ તેમના બાણો વડે વિશ્વને તથા લોકોને સમૃદ્ધિ પ્રદાન કરવા શિવની પ્રાર્થના કરીએ છીએ કે

नमोऽस्तु रूद्रेभ्यो ये दिवि येषां वर्षमिषवः ।

तेभ्यो दश प्राचीर्दश दक्षिणा दश प्रतीचीर्दशोदीचीर्द शोर्ध्वाः ।[१२] (यजुर्वेद -१६/६४)

તે રૂદ્રને અમારા નમસ્કાર કે દ્યુલોકમાં જેમના વર્ષારૂપી બાણો રહેલા છે. આ રુદ્રોને ચારેય દિશાઓમાંથી નમસ્કાર. તે અમારુ રક્ષણ કરે. અમને સુખી કરે કે જે અંતરિક્ષમાં વાયુરૂપી બાણો તેમજ પૃથ્વી પર અન્નરૂપી બાણો

વરસાવીને આ રીતે યજુર્વેદનો સોળમો અધ્યાય 'શતરુદ્રિય' તરીકે ઓળખાવામાં આવે છે. જેમાં રૂદ્ર દેવને જુદા જુદા દ્રષ્ટિકોણથી વારંવાર નમસ્કાર કરવામાં આવ્યા છે. માટે યજુર્વેદમાં રૂદ્ર દેવની સ્તુતિ પ્રાધાન્યતા ભોગવે છે. રૂદ્ર દેવ એક તરફ સંગ્રામના દેવ છે. તો બીજી બાજુ તેમનું સર્જક રૂપ પણ જોવા મળે છે. તેઓ સંપૂર્ણ ભૂતોનું સર્જન કરવામાં સમર્થ છે.

य इमा विश्वा भूवनानी चाक्लृपे तस्मै रूद्राय नमो अस्त्वग्नये ।[१३] (अथर्ववेद -७/१२/१)

ઋગ્વેદમાં મરુતોને રૂદ્ર ગણ તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે તે મરુતોના પિતા છે.

इ॒दं पि॒त्रे म॒रूतां॑मुच्यते॒ वचः॑ ।[१४] (ऋग्वेद -१/११४/६)

તેમજ અનેક મંત્રોમાં મરુત તથા રુદ્રની સ્તુતિ એક સાથે કરેલી જોવા મળે છે.

હવે યજુર્વેદમાં જોવામાં આવે તો, શિવ એક શ્રેષ્ઠ કલાકાર જેવા કે સુથાર, લુહાર તેમજ કુંભારના રૂપમાં ઉભરી આવે છે. नमस्तक्षभ्यो रथकारेभ्यश्च ...... कुलालेभ्यः कर्मारेभ्यश्च नमो नमः ।[१५] (यजुर्वेद -१६/२७) રથ અને ભાથાને ઘડનારા શ્રેષ્ઠ કલાકારના રૂપમાં રૂદ્ર દેવ, માટીના પાત્ર બનાવનાર કુંભાર તેમજ લોખંડના શસ્ત્રો વગેરેને બનાવનાર લુહાર રૂપ દેવને નમસ્કાર.

હવે શિવને આપણે જે શંભુ, શંકર, નીલકંઠ, ભવ, શર્વ, મહાદેવ, ગિરિશ, જટાધારી, ત્રિનેત્રધારી, પશુપતિ વગેરે નામોથી ઓળખીએ છીએ. તે નામોનો ઉલ્લેખ પણ વૈદિક સાહિત્યમાં જોવા મળે છે. જેમ કે યજુર્વેદમાં આ મંત્રમાં नमः शम्भवाय च नमः शंकराय च .... ।[१६] (यजुर्वेद -१६/४१) સંસાર સુખ આપનારને, મોક્ષ સ્વરૂપને, લૌકિક સુખ આપનાર કલ્યાણ સ્વરૂપને

નિલકંઠ નામનો ઉલ્લેખ જોઇએ તો .....

नमोऽस्तु नीलग्रीवाय सहस्त्राक्षाय मीढुषे ।[१७] (यजुर्वेद -१६/८)

નિલકંઠવાળા, સૂર્યના કિરણરૂપી હજાર નેત્રવાળા, વરસાદ વરસાવનાર રૂદ્ર દેવને અમારા નમસ્કાર.

शर्वाऽअधः क्षमाचराः ।[१८] (यजुर्वेद -१६/५७) શર્વ નામના રૂદ્ર ગણ નીચે ભૂમંડળમાં વિચરે છે. તેમનું ગિરિશ નામ કે જે તેમનું નિવાસસ્થાન હિમાલય પર્વતની ગુફા, તો તેને જોઇએ તો

गिरिशन्ताभि चाकशीहि ।[१९] (यजुर्वेद -१६/२)

विज्यं धनुः कपर्दिनो विशल्यो बाणवाँर उत ।[२०] (यजुर्वेद -१६/१०)

આ જટાધારી રૂદ્ર દેવનું ધનુષ, પ્રત્યંચા રહિત થઇને નકામું બની જાય છે.

અથર્વવેદમાં રૂદ્રના નામો ભવ, શર્વ, પશુપતિ તથા ભૂતપતિ ઉલ્લેખિત છે. भवा शर्वो मृऽतं माभि यातं भूतपति, पशुपति नमो वाम् ।[२१] (अथर्ववेर्दे -११/२/१) त्र्यम्बकम् અવાન્તર યુગમાં ત્રિનેત્રધારી શિવનું અતિપ્રસિદ્ધ વિશેષણ છે રૂદ્રની સ્તુતિનો આ અતિ પ્રસિદ્ધ મંત્ર છે.

त्र्यम्बकम् यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।[२२] (ऋग्वेद - ७/५९/१२)

મધુર, સુગંધી, સમૃદ્ધિ વધારનાર એવા ત્ર્યંબકનું અમે યજન કરીએ છીએ. त्र्यम्बक શબ્દને ભાષ્યકારો ત્રણ નેત્રવાળા કહે છે.

તેમજ અંતમાં રૂદ્રને અગ્નિનું પ્રતીક માનીને તેના દ્રશ્યના ભૌતિક આધાર પર રૂદ્રની કલ્પના કરવામાં આવી છે. અગ્નિની જ્વાળાઓ ઊંચે તરફ જાય છે તો તેની સાથે રૂદ્રના ઉર્ધ્વ લિંગની કલ્પના કરી છે. અગ્નિ વેદિ પર પ્રગટ થાય છે. એ કારણે શિવ જલધારાની વચ્ચે રાખવામાં આવે છે. અગ્નિમાં ઘીની આહુતી આપવામાં આવે છે. માટે શિવ લિંગ ઉપર જલનો અભિશેક કરવામાં આવે છે.

આમ વેદમાં એક જ શક્તિ ધારાને વિભિન્ન ભુમિકાઓમાં વિભિન્ન દેવ પરક ઇન્દ્ર, યમ, વિષ્ણુ, રુદ્ર વગેરે સંબોધનોથી સંબોધિત કરવામાં આવે છે.

## -:સંદર્ભ સૂચિ:-


1) पं.इश्वरचन्द्र कन्हैयालाल जोशी, ऋग्वेद संहिता प्रथम खण्ड, परिमल पब्लिकेशन्स, दिल्ली, प्रथम संस्करण २०११, पृ. ५००
2) एजन - पृ. ५७६
3) एजन - पृ. ५७५
4) एजन - पृ. ५७५
5) एजन - पृ. २९०
6) पं.श्रीराम शर्मा आचार्य, यजुर्वेद संहिता, शांतिकुंज हरिद्वार, तृतीय संस्करण १९९६ पृ. १६.५
7) एजन - पृ. १६.५
8) पं.श्रीराम शर्मा आचार्य, अथर्ववेद भाग-२, शांतिकुंज हरिद्वार, प्रथम संस्करण १९९६ पृ. ७
9) पं.श्रीराम शर्मा आचार्य, यजुर्वेद संहिता, शांतिकुंज हरिद्वार, तृतीय संस्करण १९९६ पृ. १६.९
10) पं.इश्वरचन्द्र कन्हैयालाल जोशी, ऋग्वेद संहिता प्रथम खण्ड, परिमल पब्लिकेशन्स, दिल्ली, प्रथम संस्करण २०११, पृ. २९१
11) पं.श्रीराम शर्मा आचार्य, यजुर्वेद संहिता, शांतिकुंज हरिद्वार, प्रथम संस्करण १९९६ पृ. १६.७
12) एजन - पृ. १६.११
13) पं.श्रीराम शर्मा आचार्य, अथर्ववेद संहिता, प्रथम खण्ड शांतिकुंज हरिद्वार, प्रथम संस्करण १९९६ पृ ३८.
14) पं.इश्वरचन्द्र कन्हैयालाल जोशी, ऋग्वेद संहिता प्रथम खण्ड, परिमल पब्लिकेशन्स, दिल्ली, प्रथम संस्करण २०११, पृ. २९१

15)पं.श्रीराम शर्मा आचार्य, यजुर्वेद संहिता, शांतिकुंज हरिद्वार, तृतीय संस्करण १९९६ पृ. १६.५
16)एजन - पृ. १६.७
17)एजन - पृ. १६.२
18)एजन - पृ. १६.१०
19)एजन - पृ. १६.१
20)एजन - पृ. १६.२
21)पं.श्रीराम शर्मा आचार्य, अथर्ववेद संहिता, व्दितिय खण्ड शांतिकुंज हरिद्वार, प्रथम संस्करण १९९६ पृ. ७
22)डॉ. दशरथ वेदिया, प्रा.डी.वी.शास्त्री, ऋग्वेद संहिता सप्तम् मंडल, पार्श्व पब्लिकेशन्स, अमदावाद, चतुर्थ संस्करण २००० पृ. ४२८

**********************************************************************

**ડૉ. સુરેશભાઈ એસ. પટેલ**
સંસ્કૃત વિભાગ
શ્રી તેજેન્દ્રપ્રસાદજી સ્વામિનારાયણ આર્ટ્સ કોલેજ
મું. કોઠંબા
તા. લુણાવાડા
જિ. મહિસાગર

Copyright © 2012 - 2016 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat